અખબારીયાદી

તા.૩૧/૭/૨૦૧૮

વૈશ્વિક ઓળખ બની ચૂકેલા નવરાત્રી મહોત્સવની ઉલ્લાસમય ઉજવણી માટે

## આગામી નવરાત્રી મહોત્સવમાં તા.૧૦/૧૦/૨૦૧૮ થી તા.૧૭/૧૦/૨૦૧૮ દરમિયાન નવરાત્રી વેકેશન

---

## શૈક્ષણિક સત્ર દરમિયાનના કાર્યદિવસોમાં કોઈ કાપ નહી. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની મહત્વની જાહેરાત

---

## નવરાત્રી મહોત્સવના કારણે દિવાળી વેકેશનમાં ૭ દિવસોનો કાપ, દિવાળી વેકેશન તા.૫/૧૧/૨૦૧૮ થી તા.૧૮/૧૧/૨૦૧૮ દરમિયાન રહેશે

---

ગાંધીનગર, મંગળવાર

રાજ્યનો નવરાત્રી મહોત્સવ હવે વાઈબ્રન્ટ અને વૈશ્વિક ઓળખ બની ચૂકયો છે ત્યારે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પરંપરાના પ્રતિક સમી નવરાત્રી અને તેના ગરબાની સાંસ્કૃતિક પરંપરાને રાજ્યની જનતા અને ખાસ કરીને યુવાધન ઉલ્લાસપૂર્વક માણી અને ઉજવી શકે તેવા હેતુથી રાજ્ય સરકારે આગામી નવરાત્રી દરમિયાન કુલ ૮ દિવસના વેકેશનનો મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્યની જનતાની લાગણી અને નવરાત્રી મહોત્સવ પ્રત્યેના તેના અદમ્ય ઉલ્લાસ અને ઉત્સાહને ધ્યાનમા રાખીને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન અને તેમના પરામર્શમાં રહીને શિક્ષણ વિભાગે આ નિર્ણય લીધો હોવાનું શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે જણાવ્યું હતું. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે પત્રકારો સમક્ષ નવરાત્રી વેકેશનની જાહેરાત કરતા અત્રે જણાવ્યું હતુ કે નવરાત્રી વેકેશન તા.૧૦/૧૦/૨૦૧૮ એટલે કે પહેલા નોરતાથી જ શરૂ થઈને તા.૧૭/૧૦/૨૦૧૮ બુધવાર સુધી રહેશે. જયારે તા.૧૮/૧૦/૨૦૧૮ દશેરાની જાહેર રજા છે. આ વેકેશનમાં ૭ શૈક્ષણિક દિવસો એટલે કે અભ્યાસના દિવસોનો સમાવેશ થાય છે.

શ્રી ચુડાસમાએ જણાવ્યું હતુ કે, આગામી નવરાત્રી મહોત્સવને રાજ્યની જનતા સહિત યુવાધન ખૂબ જ ભકિતભાવપૂર્વક ઉજવી શકે તે માટે લોકલાગણીને માન આપીને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગર્શન અને નિર્દેશ મુજબ વિદ્યાર્થીઓના અભ્યાસક્રમના સમયમાં કોઈપણ જાતનો કાપ મૂકયા વિના શિક્ષણ વિભાગે આગામી નવરાત્રી મહોત્સવ દરમિયાન નવરાત્રી વેકેશન જાહેર કરવાનો મહત્વનો નિર્ણય લીધો છે. સમગ્ર શૈક્ષણિક સત્ર દરમિયાનના કાર્યદિવસોમાં કોઈપણ કાપ મૂકાયો નથી.

નવરાત્રી વેકેશન ગુજરાત રાજ્ય માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ હસ્તકની રાજ્યની સરકારી ગ્રાન્ટ ઈન એઈડ તથા બીન સરકારી તથા બિન અનુદાનિત તમામ શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પડશે. આ ઉપરાંત તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, સરકાર માન્ય ખાનગી પ્રાથમિક શાળાઓ, અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં રાજ્ય સરકારનો આ નિર્ણય લાગુ પડશે.